EDII

Divya Bhaskar

September 29, 2017
Page No.1
of City Life

# 5 હજાર યુવાઓને અપાશે બિઝનેસની તાલિમ

**Talk on Startup**

સિટીરિપોર્ટર | અમદાવાદ

ઈડીઆઈઆઈએ સાસંદ કિરીટ સોલંકી સાથે મળીને અગામી બે વર્ષમાં સમાજના વંચિત અને નબળા વર્ગની મહિલાઓ સહિત 5,000થી વધુ યુવાનોને ઉદ્યોગ સાહસિકતાનું શિક્ષણ આપવાનો પ્રોજેક્ટ લોન્ચ કર્યો છે. ઈડીઆઈઆઈ વિજ્ઞાન અને ટેક્નોલોજીનું બેકગ્રાઉન્ડ ધરાવતા 2 હજાર વિદ્યાર્થીઓ માટે માહિતી કેમ્પનું આયોજન કરશે. ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, 'આ પ્રોજેક્ટ મારફતે ઈડીઆઈઆઈ ઉદ્યોગ સાહસિકતાનો વિસ્તાર કરવા માગે છે. પ્રોજેક્ટ હેઠળ તાલીમ મેળવનાર કુલ યુવાનોમાંથી 50 ટકા પોતાની એન્ટરપ્રાઈઝ શરૂ કરે તેવી અમને અપેક્ષા છે.' આ પ્રસંગે ડૉ. કિરિટ સોલંકીએ પોર, બારેજડી અને કંબોઈ ગામો દત્તક લેવાની પણ જાહેરાત કરી હતી.